# રાષ્ટ્રધ્વજ ફરકાવવાને લાયક નેતાઓ કેટલા ?

અણ્ણાએ દેશમાં આંધી સર્જી દીધી છે.

આખા દેશની જનતા દેશમાં ફેલાઈ ગયેલા વ્યાપક ભ્રષ્ટાચારથી ત્રસ્ત છે. અણ્ણાએ જે ઝુંબેશ શરૂ કરી છે તે સરકાર, અધિકારીઓ અને નેતાઓ પ્રત્યેના પ્રજાના આક્રોશનું પ્રતિબિંબ છે. અણ્ણાએ કેન્દ્ર સરકારને સંરક્ષણાત્મક અને સાવચેત રહેવું પડે તેવી પરિસ્થિતિમાં મૂકી દીધી છે. અલબત્ત, અણ્ણા હજારેની આ ઝુંબેશ અણ્ણાની ઝુંબેશ કરતાં ઈલેક્ટ્રોનિક્સ મીડિયાની વધુ લાગે છે. ચોવીસે કલાક ટી.વી. ન્યૂઝ ચેનલો પર અણ્ણા સિવાય કોઈ સમાચાર નથી. કેટલીક વાર તો એમ લાગે કે, દેશ અને દુનિયામાં બીજું કાંઈ બની જ રહ્યું નથી. જો ટી.વી. ચેનલોના કેમેરા હટાવી લેવામાં આવે તો અણ્ણા, અરવિંદ કેજરીવાલ, કિરણ બેદી, પ્રશાંત કે શાંતિ ભૂષણનું આંદોલન કેટલું લાંબુ ચાલે તે એક સવાલ છે. કેટલીક વાર તો પ્રશ્ન થાય છે કે, આ આંદોલન અણ્ણા ચલાવે છે કે મીડિયા ? ખેર, અણ્ણા પોતે પ્રામાણિક ઈનસાન છે તેમાં કોઈ શક નથી, પરંતુ તેમના આ આંદોલનની પાછળ કોઈ ગુપ્ત સંગઠન કાર્યરત છે તેમાં પણ કોઈ શંકા નથી. કાનૂન ઘડવો એ સંસદનું કાર્ય છે કે સિવિલ સોસાયટીના ત્રણ-ચાર માણસોનું એ પણ એક ચર્ચાનો વિષય છે. ઉપવાસનું શસ્ત્ર અમોઘ છે, પરંતુ કાલે કોઈ વ્યક્તિ એમ કહે કે, "દેશમાંથી અનામત દૂર કરો, નહીંતર હું આમરણાંત ઉપવાસ કરું છું." કોઈ આવી હઠ પકડે તો શું થાય ?



ખુદ ગાંધીજીએ પણ અંગ્રેજોને એવું અલ્ટીમેટમ આપ્યું નહોતું કે, "૨૧ દિવસમાં ભારતમાંથી નીકળી જાવ, નહીંતર હું આમરણાંત ઉપવાસ કરું છું." ગાંધીજીએ હિન્દુ અને મુસ્લિમો વચ્ચે કોમી તોફાનો ફાટી નીકળ્યાં ત્યારે એ બંધ કરાવવા જ આમરણાંત ઉપવાસ કર્યા હતા. અણ્ણાના ઉપવાસ તે સત્યાગ્રહ છે કે, દુરાગ્રહ એ પણ ચર્ચાનો વિષય છે.

ખેર ! કેન્દ્ર સરકારે અણ્ણાના ઉપવાસ પહેલાં થોથવાઈ જઈને તેમની ધરપકડ કરવાનું જે પગલું ભર્યું છે તે પણ બિનલોકતાંત્રિક છે. આ દેશમાં મુક્ત વાણી સ્વાતંત્ર્ય છે અને અહિંસક લડત આપવાનો અધિકાર બંધારણે બક્ષેલો છે. ઉપવાસ પર બેસવાનો સૌ કોઈને અધિકાર છે. અણ્ણા હજારેને ઉપવાસ પર બેસવા જગા નહીં આપીને તથા ઉપવાસ પર બેસે તે પહેલાં જ તેમની અટકાયત કરીને યુ.પી.એ. સરકારે મૂર્ખામી જ કરી છે. લાગે છે કે, કોંગ્રેસ હવે અનુભવી નેતાઓની સલાહ લેતી નથી. ભાજપ જેવા પક્ષો દૂધમાં અને દહીંમાં પગ રાખે છે. ખાનગીમાં ભાજપ કે બીજા પક્ષો પણ લોકપાલ બિલમાં વડા પ્રધાનને સમાવવાના મૂડમાં નથી, પરંતુ અણ્ણા હજારેની વકીલ મંડળી સામે યુ.પી.એ. સરકારની વકીલ મંડળી મુત્સદ્દીગીરીમાં માર ખાઈ ગઈ છે. ચિદમ્બરમ્ અને કપિલ સિબ્બલ બેઉ રાજનીતિમાં માર ખાઈ ગયા છે. સિવિલ સોસાયટી અને લોકસભાને આમનેસામને મૂકી દેવાની વ્યૂહરચના ઘડવામાં યુપીએ સરકાર નિષ્ફળ નીવડી છે.




અત્યારે અણ્ણાના જનલોકપાલ બિલ અંગે મીડિયાએ ઉન્માદ પેદા કર્યો છે પરંતુ એ વાત કોઈ કહેતું નથી કે હર્ષદ મહેતા, કેતન પારેખ, તેલગી, અશોક જાડેજા અને અભય ગાંધી જેવા લોકો કે જેમણે પ્રજા સાથે કરોડો રૂપિયાની છેતરપીંડી કરી છે તેઓ અણ્ણાના જનલોકપાલ બિલમાં આવતા જ નથી.

## સ્વતંત્રતા દિન

ભારતે તા. ૧૫મી ઑગસ્ટે દેશનો સ્વાતંત્રતા દિવસ ઊજવ્યો. આ ઉજવણી હવે એક ઔપચારિકતા જ બનીને રહી ગઈ છે. ૧૫મી ઑગસ્ટે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવે છે. રાષ્ટ્રગીતો ગવાય છે. દેશભક્તિના ઉપદેશ અપાય છે. પણ એ બધું જ એક ફોર્માલિટી. વડા પ્રધાન નિઃશંક ઈમાનદાર વ્યક્તિ છે, પરંતુ ગામડે ગામડે, તાલુકા મથકે, જિલ્લા મથકે તથા રાજ્યોનાં પાટનગરોમાં રાષ્ટ્રધ્વજ ફરકાવવાવાળા કેટલાક નેતાઓ એમ કરવાની લાયકાત ધરાવતા હોતા નથી. ગીતો ગાનારાઓના મનમાં કોઈ ઉમંગ-તરંગ નથી. ઉપદેશ આપનારાઓ પૈકી કેટલાંકનું જીવન ઉપદેશથી વિપરીત હોય છે. ઉપદેશ સાંભળનારાઓને પણ ખબર છે કે, ભાષણ કરનારો નેતા જુઠ્ઠો છે. ભ્રષ્ટાચારી છે. સત્તાખોર છે. રાજકારણને એક ધંધો સમજીને આવેલો છે. ચૂંટણી જીતવા એણે અનેક કાવાદાવા કરેલા છે. એણે ક્યાં તો હિન્દુઓને ઉશ્કેરીને મત માંગ્યા છે ક્યાં તો મુસ્લિમોને ઉશ્કેરીને વૉટ માંગ્યા છે. ચૂંટણી જીતવા લોકોને દારૂ પીવરાવ્યો છે. વાસણો, કપડાં કે ટી.વી. વહેંચ્યાં છે. ચૂંટણીપંચ સમક્ષ ખોટા હિસાબો રજૂ કરેલા છે. આજે વિધાનસભાની એક બેઠક જીતવી હોય તો રૂ. ૫૦ લાખથી રૂ. એક કરોડ ખર્ચ થાય છે. લોકસભા જીતવી હોય તો રૂ. પાંચથી દસ કરોડ ખર્ચ થાય છે. આ પૈસા ઉદ્યોગપતિઓ આપે છે. બદલામાં ઉદ્યોગપતિ અનેકગણું વળતર મેળવી લે છે. આવો વ્યક્તિ જો પ્રધાન બની જાય તો ગરીબ ખેડૂતોની જમીનો, આદિવાસીઓની પહાડીઓ અને દેશના સમુદ્ર કિનારા ખનિજ માફિયા કે બડા બડા ઉદ્યોગપતિઓને મફતના ભાવે ફાળવી દે છે. રમતોત્સવના નામે કરોડો રૂપિયા ખાઈ જાય છે. મોબાઈલ ફોનનાં સ્પેક્ટ્રમ વેચી કરોડોની રકમ ઘરભેગી કરી દે છે. દેશના રક્ષણ માટે ખરીદવામાં આવતાં શસ્ત્ર-સરંજામ અને શહીદોના કૉફિન્સની ખરીદીમાંથી પણ કટકી કરી લે છે. લશ્કરની જમીન બિલ્ડરોને વહેંચી દે છે અને આવા લોકો ભારતનો પવિત્ર રાષ્ટ્રધ્વજ ફરકાવી શાળાનાં બાળકો આગળ ભાષણ કરે છે ત્યારે હસવું આવે છે.

## ચૂંટણી જીતવા માટે

ભારતના કેટલાક નેતાઓ જ્ઞાતિ-કોમ કે પરિવારવાદના સહારે સંસદમાં જાય છે. સંસદમાં જે ગરિમા જળવાવી જોઈએ તે જળવાતી નથી. સંસદની એક બેઠક જીતવા રૂ. ૧૦ કરોડ જોઈએ છે. આટલી રકમ વ્હાઈટની આવશે ક્યાંથી ? ભ્રષ્ટાચાર વિરોધી બિલ બનાવવા માંગતા આ સભ્યો પાસે આ પ્રશ્નનો જવાબ નથી. વર્તમાન લોકસભાના ૫૪૩ સાંસદો પૈકી ૩૦૦ સાંસદો કરોડપતિઓ છે. તેમાંથી ૧૫૦થી ૧૭૫ જેટલા સાંસદો પર કોઈ ને કોઈ પ્રકારના ક્રિમિનલ કેસ ચાલે છે. કોઈ ક્રિકેટના મુખિયા બની પૈસા બનાવે છે તો કોઈ ફૂટબોલના નામે પૈસા બનાવે છે. આ પરિસ્થિતિ લોકસભામાં જ છે તેવું નથી. આ પરિસ્થિતિ દેશની વિધાનસભાઓમાં, મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં, નગરપાલિકાઓમાં, જિલ્લા પંચાયતોમાં, તાલુકા પંચાયતોમાં અને ગ્રામ પંચાયતોમાં પણ છે. આ બધી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં બેઠેલાઓ લોકોની સેવા માટે નહીં.

## લાયકાત ક્યાં છે ?

મોટામાં મોટું આશ્ચર્ય એ છે કે, ધારાસભ્યો અને સાંસદો લોકોની સેવા કરવાના બદલામાં ઊંડા વેતનો ભાડાં-ભથ્થાં તથા ઊંચી સવલતો માંગે છે. આ લોકો કૌભાંડોના મુદ્દે લોકસભામાં બાખડે છે, પરંતુ પોતાના ભાડાં-ભથ્થાં અને વેતન વધારવાના મુદ્દે એક થઈ જાય છે. લોકસભામાં ચર્ચાનું સ્તર બૌદ્ધિક કે ઉત્કૃષ્ટ કક્ષાનું રહ્યું નથી. પંડિત જવાહરલાલ નહેરુના શાસનકાળ વખતે પહેલી ત્રણ લોકસભાઓ સુધી સંસદમાં ચર્ચાનો મહત્ત્વનો સમય આંતરરાષ્ટ્રીય વિષયો પર અપાતો હતો. હવે કેટલાક સાંસદોને રોમાનિયામાં લોકશાહી છે કે સરમુખત્યારશાહી તેની પણ ખબર નથી. એ જ રીતે કેટલાકને પૂછવામાં આવે કે, એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ શું છે તો માથું ખંજવાળશે. ગુજરાતના કેટલાક નેતાઓને 'સિરક્રિક' શું છે તે પૂછી જુઓ. પછી તેમના ગુજરાત વિશેના સામાન્ય જ્ઞાનની ખબર પડશે. હા, તેમના વિસ્તારમાં દારૂની ભઠ્ઠી ક્યાં ચાલે છે તેની સચોટ માહિતી તેમને હશે. હવે દેશની લોકસભામાં સ્થાનિક અને ક્ષેત્રિય વિષયોની ચર્ચા વધુ થાય છે. ખરેખર તો દેશમાં વસતા ૭૦ ટકા ખેડૂતોના પ્રશ્નોની ચર્ચા સંસદમાં થવી જોઈએ. કેટલાક સાંસદો તેમના પરિચયપત્રમાં પોતે ખેડૂત હોવાનું લખે છે, પરંતુ ખેતી સાથે તેમને ભાગ્યે જ કોઈ સંબંધ હોય છે. નેતા બન્યા પછી ખેડૂત પણ ખેડૂત મટી જાય છે અને ઉદ્યોગપતિઓનો દલાલ બની જાય છે. નેતાઓ ભાગ્યે જ તેમના ખેતરમાં જતા જોવા મળ્યા છે.

આવા બધા લોકોએ વિધાનસભા કે લોકસભામાં બૂમરાણ મચાવી વિધાનગૃહ કે સાંસદ ગૃહની ગરિમાનો ભંગ કર્યો છે. લોકસભાના પૂર્વ અધ્યક્ષ સોમનાથ ચેટરજી સાંસદોના વ્યવહારથી એટલા દુઃખી હતા કે, તા. ૨૦ ફેબ્રુઆરી, ૨૦૦૯ના રોજ તેમણે સંસદોની વર્તણૂકની કડક ટીકા કરતાં કહ્યું હતું કે, "મેં કેટલીયે વાર અપીલ કરી, પરંતુ મને કહેતા દુઃખ થાય છે કે, તેની કોઈ અસર સાંસદો પર થઈ નથી. આપ (સાંસદ) પબ્લિક મનીનો એક પૈસો મેળવવાના અધિકારી નથી. એક દિવસ દેશની જનતા (હંગામો કરવાવાળા) સાંસદોને સબક શીખવશે."

## કેટલું કામ કર્યું ?

૨૦૧૦ની સાલમાં લોકસભાએ કેટલું કામ કર્યું તે જાણવા જેવું છે. ૨૦૧૦ની સંસદના શિયાળુ સત્રમાં લોકસભામાં ૨૩ દિવસમાં માત્ર ૭ કલાક અને ૩૦ મિનિટ કાર્ય થયું. ૧૨૪ કલાક અને ૪૦ મિનિટ બખેડાઓમાં બરબાદ કરી નાખ્યા. તે જ રીતે રાજ્યસભામાં ૨૩ દિવસોમાં માત્ર ૨ કલાક અને ૪૪ મિનિટ કામ થયું. બાકીના ૧૦૦ કલાક બરબાદ કરી નાખવામાં આવ્યા. સંસદની કાર્યવાહી ચલાવવામાં રોજ રૂ. ૬.૩૫ કરોડનો ખર્ચ થાય છે. ૨૦૧૦ના શિયાળુ સત્રમાં સંસદ પૂરેપૂરી ઠપ થઈ જવાના કારણે દેશને રૂ. ૧૫૦ કરોડનું નુકસાન થયું. સામાન્ય રીતે સંસદના એક સત્રમાં ૧૫થી ૨૦ વિધેયક પસાર થાય છે. ગયા શિયાળુ સત્રમાં માત્ર પાંચ વિધેયક પસાર થયાં. કામ ના થવાના કારણે સંસદમાં ૮૧ જેટલાં બિલ પસાર થવાનાં બાકી છે. આ વખતે વર્ષા સત્રમાં ૩૭ જેટલાં વિધેયકો વિચારણા માટે રજૂ થનાર છે, જ્યારે ૩૩ નવાં વિધેયકો પેશ થવાનાં છે, પરંતુ એમાંથી કેટલું કામ થશે એ ભગવાન જાણે.

સંસદનો પુરાણો ગરિમાપૂર્ણ ચર્ચાનો ચહેરો ફરી ક્યારે જોવા મળશે ?

# અણ્ણાની ઈલેક્ટ્રોનિક્સ આંધી સામે કેન્દ્ર સરકારનું બિનલોકતાંત્રિક પગલું